**Media Coverage:**

**Mr. Cyrus Mistry, Chair – Tata Group, visits Mundra**

Sandesh

# ટાટા ગ્રૂપ સમાજ તેમજ આરોગ્ય સેવામાં અગ્રેસર : સાયરસ મિસ્ત્રી

## ટાટા પાવરની કામગીરીથી ગ્રૂપનાં ચેરમેન અને બોર્ડ ઓફ ડાયરેકટર પ્રભાવિત

ભુજ, તા.૭

ટાટા ગ્રૂપના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ આજે મુન્દ્રા સ્થિત ટાટા પાવર પ્લાન્ટની મુલાકાત લઈ તેની કામગીરીથી ભારે પ્રભાવિત થયા હતા અને ટાટા ગ્રૂપ સમાજ અને આરોગ્યલક્ષી સેવાઓ માટે હંમેશા અગ્રેસર હોવાથી પ્લાન્ટના કર્મચારીઓની તેમાં વધુ રૂચિ રાખવા સલાહ આપી છે.

ટાટા પાવર પ્લાન્ટની બીજી પરંતુ ચેરમેનનો કાર્યભાર સંભાળ્યા બાદ પ્રથમ વખત મુલાકાતે આવેલા ટાટા ગ્રૂપના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ પ્લાન્ટના અધિકારીઓ સાથેની મિટિંગમાં તેઓને પાવરના વધુ ઉત્પાદન અને પર્યાવરણને નુકસાન ન થાય તે રીતે કામ કરવા ખાસ તાકીદ કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, મુન્દ્રા સ્થિત ટાટા પાવર પ્લાન્ટમાં ૪૦૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવે છે, જેમાં દર વર્ષે ૧.૦૭ મિલિયન ટન કોલસાનો બચાવ કરવામાં આવે છે.



૨૦૦૬માં શરૂ થયેલા યુએમપીપીમાં ૨૦૧૨માં પ્રથમ ૮૦૦ મેગાવોટ શરૂ થયાની તારીખથી માત્ર એક જ વર્ષમાં સૌથી વધુ ઉત્પાદન કરી અને રેકોર્ડ સ્થાપ્યો હતો.

આજે દેશમાં પાવર પૂરો પાડવામાં ટાટા ગ્રૂપનો હિસ્સો સૌથી મોટો રહ્યો છે. પર્યાવરણને સૌથી ઓછું નુકસાન અને સૌથી ઓછા બળતણ સાથે વધુમાં વધુ પાવર ઉત્પાદન કરવું એ ટાટાનો એક જમા પાસું રહ્યું છે. આ ઉપરાંત ટાટા અન્ય કંપનીઓ કરતાં નોંધપાત્ર ઓછા ભાવે પાવર પૂરું પાડી ગૌરવ અનુભવે છે.

સી.પી.મિસ્ત્રીની આ મુલાકાત વેળા તેમની સાથે કંપનીના એમડી અનિલ સરદાના અને એક્ઝિક્યુટિવ ડિરેકટર પદ્મનાભન પણ જોડાયા છે. આજે સવારે સાયરસ મિસ્ત્રી બે હેલિકોપ્ટર દ્વારા મુન્દ્રા આવી પહોંચ્યા હતા. આજે રાત્રિ રોકાણ મુન્દ્રામાં જ કરીને આવતીકાલે વિદાય લેશે તેવું જાણવા મળ્યું છે.



ટાટા ગ્રુપના ચેરમેન સી.પી. મિસ્ત્રી પ્રથમ બેઠેલા નજરે પડે છે.

# ટાટા ગ્રુપના ચેરમેન સી.પી. મિસ્ત્રી મુન્દ્રા પ્લાન્ટની મુલાકાતે

અમદાવાદ, બુધવાર

ગુજરાતમાં મુન્દ્રા ખાતે આવેલા મેગા પાવર પ્લાન્ટ પ્રોજેક્ટની ટાટા ગ્રુપના ચેરમેન સી.પી. મિસ્ત્રીએ મુલાકાત લીધી હતી. ૪૦૦૦ મેગાવોટનો આ પ્લાન્ટ સંપૂર્ણક્ષમતાએ કામ કરતો થયો તે પછી તેમણે પ્લાન્ટની બીજીવાર મુલાકાત લીધી છે. સીઈઆરસીએ યુનિટદીઠ ચાર્જ વધારીને ૨.૮૭ કરી આપ્યા પછીય આ પ્લાન્ટ સૌથી સસ્તી વીજળી પૂરી પાડે છે.

## યુનિટદીઠ વીજળીના ચાર્જમાં દેશની અને રાજ્યની અન્ય કંપનીઓની સરખામણીમાં ટાટાના ભાવ નીચા

અત્યારે બજારમાં ઉપલબ્ધ વીજળીના દરની તુલનાએ ટાટા પાવરના વીજદર ખાસ્સા નીચા છે. અત્યારે બજારમાં યુનિટદીઠ રૂા. ૪.૧૦થી ૪.૫૦ના ભાવે વીજળી મળે છે. વીજળીની તત્કાળ જરૂરિયાત પૂરી કરવા માટે હાજરના બજારમાંથી વીજળીની ખરીદી કરવામાં આવે તો યુનિટદીઠ રૂા. ૭ પણ ચૂકવવા પડે છે. મુન્દ્રાના અલ્ટ્રા મેગા પાવર પ્લાન્ટની ફિક્સ્ડ કોસ્ટ યુનિટદીઠ માત્ર ૯૦ પૈસા જ છે. ફિક્સ્ડ કોસ્ટ પણ અન્ય પાવર પ્લાન્ટના ખર્ચની તુલનાએ બહુ જ ઓછી છે.

મુન્દ્રાના અત્યાધુનિક મેગા પાવર પ્લાન્ટમાં એક વર્ષે ૧૭ લાખ ટન કોલસાની બચત થાય છે. તેને કારણે હવામાં ૪ મિલિયન ટન ઓછો કાર્બન ભળે છે. આ પ્લાન્ટ તેની સર્વોચ્ચ ક્ષમતાએ કામ કરી શકે છે. પ્લાન્ટ માટે વીજળીનો થતો વપરાશ પણ અન્ય પ્લાન્ટની તુલનાએ ઓછો જ રહે છે.

Gujarat Samachar

# તાતાના ચેરમેન મુંદરાની મુલાકાતે

## પ્રોજેક્ટની કામગીરીની માહિતી મેળવી સામાજિક કામો બિરદાવતા શ્રી મિસ્ત્રી



*મુંદરાના પ્લાન્ટમાં તાતાના ચેરમેન સાયરસ મિસ્ત્રી અધિકારીઓ સાથે.*

ભુજ, તા. ૭ : મુંદરા નજીક સ્થપાયેલા તાતા જૂથના અત્યાધુનિક મેગા પાવર પ્રોજેક્ટની આજે જૂથના ચેરમેન સી.પી. મિસ્ત્રીએ ખાસ મુલાકાત લીધી હતી અને કંપની સામેના પડકારો સહિતની વિગતો મેળવી હતી.

મુંદરા કોસ્ટલ ગુજરાત પાવર પ્લાન્ટ (સીજીપીએલ) આ બીજી જ મુલાકાતમાં તેમણે કંપની દ્વારા થતા સામાજિક કામોની પણ સરાહના કરી હતી.

સમગ્ર તાતા જૂથ અને સીજીપીએલના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ આ તેમની બીજી અને ૪૦૦૦ મેગાવોટનું વીજમથક સંપૂર્ણ કાર્યરત થયું ત્યાર પછીની આ પહેલી મુલાકાતમાં પ્લાન્ટનો વિસ્તૃત પ્રવાસ ક્યો હતો. આ સમયે કંપનીના અધિકારીઓ દ્વારા તેમને સંચાલકીય કામગીરી તથા ઇંધણભાવોમાં વધારાના લીધે ઊભા થતા પડકારોની વિગતો આપવામાં આવી હતી. આ ઉપરાંત શ્રી મિસ્ત્રીને મુંદરા યુએનપીપીની ટીમ દ્વારા વિવિધ સમુદાય માટે કરાતી પહેલ અને ખાસ કરીને માછીમાર સમુદાયના વિકાસ માટે કરાતા કાર્યોની વિગતો આપવામાં આવી હતી.

ચેરમેને આ ટેકનોલોજી ઉપરાંત ઓછામાં ઓછી કાર્બન નિકાસ, ઇંધણ વપરાશક્ષેત્રની સિદ્ધિઓને બિરદાવી હતી તેમજ સ્થાનિક માછીમારોના જીવનધોરણ, આરોગ્ય, મહિલા સશક્તિકરણ, પર્યાવરણ બચાવ સહિતના ક્ષેત્રોમાં કરવામાં આવેલા કાર્યોની પ્રશંસા કરી હતી.

ઉલ્લેખનીય છે કે, વિક્રમી સમયમાં મુંદરા પાસે નિર્મિત આ પ્રોજેક્ટ તાતા જૂથ માટે એક ગૌરવ સમાન છે અને સીઇઆરસીના હુકમ બાદ આજે તેમના ટેરીફ દર એક યુનિટદીઠ રૂા. ૨.૮૭ છે.

Divya Bhaskar

# ટાટા ગ્રૂપના ચેરમેને મુન્દ્રાના પાવર પ્લાન્ટની કરી સમીક્ષા

## સાયરસ મિસ્ત્રીએ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટની કામગીરીને બિરદાવી

ભાસ્કર ન્યૂઝ. ભુજ



ટાટાના સર્વેસર્વા સાયરસ મિસ્ત્રી પાવરપ્લાન્ટમાં હળવા મૂડમાં નજરે પડયા હતાં.

મુન્દ્રામાં ટાટા ગ્રૂપ દ્વારા કાર્યરત અલ્ટ્રા મેગા પાવર પ્રોજેક્ટમાં ઉપયોગમાં લેવાયેલી ટેક્નોલોજીના કારણે જે રીતે ઈંધણનો બચાવ થઈ રહ્યો છે તેમજ ધાર્યું ઉત્પાદન મળે છે તે બિરદાવવાલાયક છે તેવું કંપનીના ચેરમેન સાયરસ મિસ્ત્રીએ રૂબરૂ મુલાકાતમાં જણાવ્યું હતું. આ તકે તેમને સ્થાનિકે કંપનીના માધ્યમથી કરાતાં લોકોપયોગી કાર્યોથી અવગત કરાયા હતા.

4000 મેગાવોટ પાવર સ્ટેશન સંપૂર્ણ રીતે કાર્યરત થયા બાદ પહેલીવાર સમીક્ષા માટે આવેલા સાયરસ મિસ્ત્રી તેમજ બોર્ડ મેમ્બર્સને આ પાવર પ્લાન્ટની ઓપરેટિંગ સિસ્ટમ વિશે માહિતી અપાઈ હતી. વર્ષ 12માં શરૂ કરાયેલાં દેશના આ એકમાત્ર સંપૂર્ણ સ્વયં સંચાલિત પ્લાન્ટમાં વાર્ષિક 17 લાખ ટન જેટલો કોલસો બચે છે, જેના કારણે હવામાં ફેલાતાં પ્રદૂષણનું પ્રમાણ નોંધપાત્ર રીતે ઘટી જાય છે. કંપની દ્વારા માછીમારો માટે કરાતાં ઉત્કર્ષના કામો, સ્ત્રી સશક્તિકરણ, આરોગ્ય વિષયક કામગીરી તેમજ પર્યાવરણના જતન માટે પ્લાન્ટની ફરતે ઉછેરાયેલાં વૃક્ષોની વિગતો ચેરમેનને અપાઈ હતી. ઈંધણ બચાવતા આ પ્લાન્ટ અંગે સંતોષ વ્યક્ત કરતાં ઉત્પાદન ક્ષમતા તેમજ ઓછા ખર્ચે વધુ વીજળી મેળવી શકાય છે તે બાબતને બિરદાવી હતી. ચેરમેનની સાથે ટીમે કોસ્ટલ ગુજરાત પાવર કંપનીનના એકમોની મુલાકાત લઈને વિવિધ